અપીલ અરજી નં.૧૮ તા.૧૩–૪–૧૦/૧૧

અરજદારઃ– શ્રી આઈશા આઈ. સાદક
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી આઈશા આઈ. સાદકની તા.૧૮–૨–૧૦ ની અરજીથી (૧) રાંદેર નાખુદાપોળમાં આવેલ ટીકા નં.૪/૨૫૭ તથા ટીકા નં.૪/૨૫૯ વાળી મિલ્કતમાં હાલમાં થઈ રહેલ નવું બાંધકામ પ્લાન વિરૂધ્ધનું છે? કે પ્લાન મુજબનું છે? જો પ્લાન વિરૂધ્ધનું બાંધકામ છે તો તે અટકાવવા લાગત વિભાગના અધિકારી/કર્મચારીએ આજદિન સુધી શું શું કાર્યવાહી કરી? તે બાબતની સંપૂર્ણ વિગત તથા માહિતિ આપવી. (૨) ઉપરોકત ટીકા નં.૪/૨૫૭ તથા તથા ટીકા નં. ૪/૨૫૯,રાંદેર નાખુદા પોળમાં આપેલ મિલ્કતની હાલમાં ચાલી રહેલ નવા બાંધકામની રજા ચિઠ્ઠી તથા મંજુર થયેલ પ્લાનની નકલની માંગેલ માહિતી બાબત તથા અન્ય તા.૧૩–૨–૧૦ ના રોજ સદર બાબતે નોંધાયેલ ફરીયાદ અંગે શું કાર્યવાહી થઈ તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૪–૧૦ ની **SMC/FAP/** નં.૧૮/૨૦૧૦–૧૧

શ્રી આઈશા આઈ. સાદકની તા.૧૮–૨–૧૦ ની અરજીથી (૧) રાંદેર નાખુદાપોળમાં આવેલ ટીકા નં.૪/૨૫૭ તથા ટીકા નં.૪/૨૫૯ વાળી મિલ્કતમાં હાલમાં થઈ રહેલ નવું બાંધકામ પ્લાન વિરૂધ્ધનું છે? કે પ્લાન મુજબનું છે? જો પ્લાન વિરૂધ્ધનું બાંધકામ છે તો તે અટકાવવા લાગત વિભાગના અધિકારી/કર્મચારીએ આજદિન સુધી શું શું કાર્યવાહી કરી? તે બાબતની સંપૂર્ણ વિગત તથા માહિતિ આપવી. (૨) ઉપરોકત ટીકા નં.૪/૨૫૭ તથા તથા ટીકા નં.૪/૨૫૯,રાંદેર નાખુદા પોળમાં આપેલ મિલ્કતની હાલમાં ચાલી રહેલ નવા બાંધકામની રજા ચિઠ્ઠી તથા મંજુર થયેલ પ્લાનની નકલની માંગેલ માહિતી બાબત. (૩) અન્ય તા.૧૩–૨–૧૦ ના રોજ સદર બાબતે નોંધાયેલ ફરીયાદ અંગે શું કાર્યવાહી થઈ તેની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આ.૮૦૬ તા.૧૯–૩–૧૦થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧ તા.૨૨–૪–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તથા અરજદારનેમુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારીએ જણાવ્યા મુજબની ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૭–૪–૧૦ ના પત્રથી રજૂઆત કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબતે જાહેર માહિતી અધિકારી સ ેન્ટ્રલઝોનને માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧૬૩૧ તા.૨૦–૨–૧૦ થી કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૮૦૬ તા.૧૯–૩–૧૦ થી (૧) રાંદેર નાખુદાપોળમાં આવેલ ટીકા નં.૪/૨૫૭ તથા ટીકા નં.૪/૨૫૯ વાળી મિલ્કતમાં હાલમાં થઈ રહેલ નવું બાંધકામ પ્લાન વિરૂધ્ધનું છે? કે પ્લાન મુજબનું છે? જો પ્લાન વિરૂધ્ધનું બાંધકામ છે તો તે અટકાવવા લાગત વિભાગના અધિકારી/કર્મચારીએ આજદિન સુધી શું શું કાર્યવાહી કરી? તે બાબતની સંપૂર્ણ વિગત તથા માહિતિ આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેર નાખુદાપોરમાં આવેલ ટીકા નં.૪/૨૫૭ તથા ટીકા નં.૪/૨૫૯ વાળી મિલ્કતમાં હાલમાં થઈ રહેલ નવું બાંધકામ પ્લાન વિરૂધ્ધ છે કે કેમ? તે અંગેની માહિતી ઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. (૨) ઉપરોકત ટીકા નં.૪/૨૫૭ તથા તથા ટીકા નં.૪/૨૫૯,રાંદેર નાખુદા પોળમાં આપેલ મિલ્કતની હાલમાં ચાલી રહેલ નવા બાંધકામની રજા ચિઠ્ઠી તથા મંજુર થયેલ પ્લાનની નકલની માંગેલ માહિતી બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત ટીકા નં.૪/૨૫૭ તથા ટીકા નં.૪/૨૫૯ રાંદેર ના ખુદાપોરમાં આવેલ મિલ્કતની હાલમાં ચાલી રહેલ નવા બાંધકામની રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની નકલ વેસ્ટઝોન કચેરીથી રૂા.૨૮૪/– ભરપાઈ કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. (૩) અન્ય તા.૧૩–૨–૧૦ ના રોજ સદર બાબતે નોંધાયેલ ફરીયાદ અંગે શું કાર્યવાહી થઈ તેની માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર મિલ્કત બાબતે થઈ રહેલ ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધની ફરીયાદ ટેલીફોનથી ઓપરેટર શ્રી યોગેશભાઈને નોંધાવી છે જે અંગે કરેલ કાર્યવાહીની વિગત ઝોન કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. જે અંગે મળેલા પ્રતિભાવથી અરજદારે નારાજ થઈ તા.૧૩–૪–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અપીલના આધાર નં.૧ જે તે વિસ્તારમાં થતા બાંધકામ સુરત મહાનગરપાલિકાની મંજુરી સાથે કે મંજુરી વગરના હોય તે અંગે કાયમી વોચ રાખવાની જવાબદારી જે તે વોર્ડના બિલ્ડીંગ ઈન્સ્પેકટરની હોવા છતાં આ બાધકામ થઈ રહયું હોવાની માહિતી રેકર્ડ પર કોઈએ લીધેલ જણાતું જથી જે ગંભીર બાબત છે. અપીલના આધાર નં.૨ બાંધકામ પ્લાન વિરુધ્ધ થઈ રહયું હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનું જણાવાયું છે. જયારે આ મુદ્દામાં લખાયુ છે કે હાલમાં ચાલી રહેલા નવા બાંધકામની રજાચિઠ્ઠી અને મંજુર પ્લાન ઓફિસર

રેકર્ડમાં ઉપલબ્ધ છે. બંને મુદ્દાનો સાર એ નીકળે છે કે મહાનગરપાલિકા પાસે પ્લાન મંજુર કરાવ્યા પછી ત્યાં બાંધકામ પ્લાન મુજબ કે પ્લાન વિરુધ્ધનું છે તેવી માહિતી કે સર્વે પ્લાન મંજુર કર્યા બાદ સુરત મહાનગરપાલિકા રાખતી નથી એ દુખદ બાબત છે અને આ બાબત નો જવાબ અમોને સ્વીકાર્ય નથી. અપીલના આધાર નં.૩ ટેલીફોનીક અંગેની કરેલ કાર્યવાહીની કોઈ વિગત રેકર્ડ પર ઉલપબ્ધ નથી એટલે કે ફરીયાદનો નિકાલ કરવા માટે કાં તો આગળ મોકલવામાં આવી નથી અથવા તો ટેલીફોન ઓપરેટરને મળતી ફરીયાદને નિકાલ કરવા માટે કોઈ વ્યવસ્થાતંત્ર નથી તે દુખદ બાબત છે જે અમને સ્વીકાર્ય નથી. તેવું અપીલના આધારમાં જણાવવામાં આવેલ છે.

મુદ્દા નં.૨ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને નિયત દસ્તાવેજ ફી ભરી માહિતી પૂરી પાડવા તૈયારી દર્શાવેલ છે પરંતુ અરજદારના તા.૨૭–૪–૧૦ ના પત્ર અનુસાર તેમણે મેળવેલ નથી તેથી તે અંગે તકરારને કોઈ સ્થાન નથી.

મુદ્દા નં.૧ અને ૩ અંગે જાહેર માહિતી અધિકારીએ દફતર પર માહિતી ઉપલબ્ધ નહીં હોવાનું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને (જે) ની જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

મુદ્દા નં.૧ અરજદારનો તકરાર નિવારણને સ્પર્શતો જણાય છે. કાર્યવાહી હાથ ધરવા માટે અરજદારે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવી રહે. મુદ્દા નં.૩ અંગે અરજદારની ફરીયાદ આવ્યાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. નાગરિક અધિકાર પત્રના ભાગરૂપે અને કલમ–૪(ડી) ની જોગવાઈ હેઠળ પણ ફરીયાદ અંગે થયેલ કાર્યવાહીની વિગતો અને કાર્યવાહી થયેલ ન હોય તો તેમ જણાવવું અનિવાર્ય થઈ પડે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૩ અંગે અરજદારની ફરીયાદ બાબતે થયેલ કાર્યવાહીની હકીકતલક્ષી વિગતો જણાવવા તથા મુદ્દા નં.૧ સાથે ૩ અંગે લાગત દફતરની તપાસણી દિન–૭ માં અરજદારને પૂરી પાડવા તથા તે પૈકી અરજદાર કોઈ નકલ મેળવવા ઈચ્છે તો કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી પૂરી પાડી તેની જાણ અત્રે કરવા જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન અને ઝોનલચીફને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૨ અંગે અરજદાર ઈચ્છુક હોય તો નિર્દિષ્ટ ફી ભરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી આઈશા આઈ. સાદક